## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મારી નાની દિકરી બહુ જ મોર્ડન છે... મોટીની જેમ ફેસબુકની જગ્યાએ... એણે વોટ્સ એપ પર... મુરતીયો શોધ્યો છે...!

# સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમા આસપાસ લેન્ડ સ્કેપીંગ કરાશે

ગાંધીનગર તા ૪

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની ૩૦ ફુટ પ્રતિમા મુકવામાં આવી છે. હાલ સરદાર સરોવર નિગમ દ્વારા આ પ્રતિમા આસપાસ લેન્ડ સ્કેપીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સરદાર પટેલની પ્રતિમાને પોલિશીંગ પણ કરવામાં આવી રહયુ છે.

નગરના હાર્દસમાં વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક સહેલાણીઓમાં ફેવરિટ બન્યો છે. જયારે રોજબરોજ સાંજ ઢળતા પાર્કમાં સહેલાણીઓની ભીડ ઉમટી પડે છે. સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓ માટે અનેક આર્કષણો ઉભા કરવામાં આવ્યા છે. વિવિધ પ્લાઝા તેમજ હરિયાળી લોન તેમજ પ્લાન્ટેશનના લીધે પાર્કનો નિખાર વધુ આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. શિયાળાની ગુલાબી ઠંડીના દિવસોમાં પણ સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ વધતી જાય છે. પાર્કમાં કસરતના સાધનો પણ મુકવામાં આવ્યા હોવાથી વહેલી સવારે નગરજનો હળવી કસરત કરતા નજરે પડે છે. જયારે ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં વોટર શો ના લીધે પણ પાર્કની રોનક નિખરી છે. આ ઉપરાંત થોડા સમય અગાઉ જ સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમાનુ અનાવરણ કરવામાં આવ્યુ છે. સરદાર પટેલની ૩૦ ફુટ ઉંચી પ્રતિમા સ્વર્ણિમ પાર્કમાં મુકવામાં આવી છે.બ્રોન્ઝની પ્રતિમા ભરૂચની પેટર્ન મુજબ જ તૈયાર કરવામાં આવી છે. સરદાર સરોવર નિગમની દેખરેખ હેઠળ એલ એન્ડ ટી એ આ કામગીરી સંભાળી છે. હાલ સરદાર પટેલની પ્રતિમા આસપાસ લેન્ડ સ્કેપીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સરદાર પટેલની પ્રતિમા આસપાસના વિસ્તારમાં લેન્ડ સ્કેપીંગ કરીને શાનદાર બનાવાશે. જયારે સરદાર પટેલની પ્રતિમાને પણ પોલીશીંગ કરવામાં આવશે. આ ઉપરાંત આ જગ્યાએ તક્તિ પણ મુકવામાં આવશે. સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમા મુકવામાં આવ્યા બાદ પાર્કમાં આવતા સહેલાણીઓ આ જગ્યાએ સેલ્ફી લેતા નજરે પડે છે.હાલ કામગીરી ચાલુ હોવાથી પ્રતિમાને ઢાંકી દેવામાં આવી છે. ટુંક સમયમાં જ કામ પુર્ણ કરી દેવાશે.

**બ્રોન્ઝની પ્રતિમાને પોલિશ કરીને તક્તિ પણ મુકવામાં આવશે**



## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ પંચાયતની ચૂંટણી પૂર્ણ થતાં જ આજે તેમની મૂળ જગ્યાએ હાજર થઈ ગયા છે.

● ગાંધીનગર જિલ્લામાં ઠંડીનો પ્રભાવ વધતાં જ રવિ સીઝનની વાવણી માટે ખેડૂતોમાં નવી આશાનો સંચાર થયો છે અને વાવણી કાર્યમાં વેગ આવ્યો છે.

● ગાંધીનગર શહેરના એક નિવૃત્ત સચિવશ્રીની ચેકબુકમાંથી એક ચેક બેંકમાં જતા પડી ગયો હતો. આ ચેક કોઈ ઉઠાવગીરના હાથમાં આવી ગયો હતો. તેના બે-ત્રણ દિવસ બાદ આ ગઠિયો ખોટી સહિ કરી ચેક વટાવવા બેંકમાં ગયો હતો પરંતુ બેંકના અધિકારીઓના ધ્યાનમાં આ વાત હતી અને નિવૃત્ત અધિકારીની બોગસ સહિ કરી નાણાં ઉઠાવવાનો પ્લાન નિષ્ફળ ગયો હતો. જોકે ગઠિયો આબાદ રીતે બેંકમાંથી છટકી ગયો હતો. સલામ છે બેંક અધિકારીઓની સતર્કતાને...

● ગાંધીનગર શહેરમાં શિયાળાનું આગમન થતાં જ જુદી જુદી રમતોના કોચીંગ પણ શરૂ થઈ ગયા છે.

● ગાંધીનગર જિલ્લાની શાળાઓના તાલુકા સ્તરના રમતોત્સવ ૧૧મી ડિસેમ્બરથી શરૂ થશે.

## રેખા ભટ્ટ લિખિત "પારિજાત" પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સે. ૭-એ ખાતે તા. ૨જી ડિસેમ્બરે ગાંધીનગર સમાચારના કટાર લેખિકા રેખાબેન ભટ્ટ દ્વારા લિખિત લેખોના સંગ્રહગ્રંથ "પારિજાત" પુસ્તકનું વિમોચન કરાયું હતું. વર્ષ ૨૦૧૧થી રેખાબેન ભટ્ટની કલમે લખાયેલ કટાર "પારિજાત"ને રન્નાદે પ્રકાશક દ્વારા પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવી હતી.

આ વિમોચન સમારંભમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, અતિથી વિશેષ પદે જાણીતા ચિંતક જ્યોતિબેન થાનકી, સાહિત્યકાર કિરીટભાઈ દૂધાત તથા ભાવનગરના સાહિત્ય સર્જક મહેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તકનું વિમોચન રેખાબેન ભટ્ટના સાસુ શ્રીમતી કપિલાબેન જમુભાઈ ભટ્ટ તથા માતા તારાબેન ઉમાશંકર ઉપાધ્યાયના હસ્તે કરવામાં આવ્યું હતું. "પારિજાતિ" કટાર દ્વારા રેખાબેને નિબંધ, વાર્તાઓ, કથાઓ, દૃષ્ટાંતો વગેરે દ્વારા હકારાત્મક અભિગમ સાથે વિચારપ્રેરક લખાણો પ્રસ્તુત કર્યા છે. આ કટારના ચુંટેલા લેખોને એક પુસ્તકરૂપે સંકલિત કરી "પારિજાત" તૈયાર કરાયું છે. આ પ્રસંગે રેખાબેને તમામનો આભાર માનતા પોતાના પતિ, સાસુ તથા પરિવારને સતત પ્રોત્સાહન પુરૂ પાડવા બદલ વિશેષ આભાર માન્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)



## સચિવાવય આંતર વિભાગીય ક્રિકેટમાં આરોગ્ય વિભાગની ટીમ વિજેતા

ગાંધીનગર તા.૪

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટનો તાજેતરમાં પ્રારંભ થયો છે. જેમાં સચિવાલયના ૨૬ પૈકી જુદાજુદા વિભાગના અધિકારી-કર્મચારીઓની બનેલી ટીમો ભાગ લઈ રહી છે. જેમાં તાજેતરમાં આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ અને વિધાનસભાની ટીમ વચ્ચે મેચ ખેલાઈ હતી. આ મેચમાં આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની ટીમનો વિજય થયો હતો. આ મેચમાં આરોગ્ય વિભાગના અજય પટેલે ૬૮ રન અને ૪ વિકેટ ઝડપતા મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા. આરોગ્ય પરિવાર વિભાગે પ્રથમ બેટીંગનો નિર્ણય લીધો હતો. જેમાં ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી ૧૧૧ રન બનાવ્યા હતા. જયારે સામે વિધાનસભાની ટીમે જોરદાર રસાકસી જામી હતી. વિધાનસભાએ ૨૦ઓવરમાં ૮ વિકેટ ગુમાવી માત્ર ૧૦૮ રન બનાવ્યા હતા. જયારે આરોગ્ય વિભાગના દિગંત બારોટે ૨ વિકેટ ઝડપી હતી. તેમ આરોગ્ય પરિવારની ટીમના મેનેજર સી.એન. મારુએ જણાવ્યુ હતું.

# ગાંધીનગર સિવિલમાં ટી.બી.ના ૧૪૦૦ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે

ગાંધીનગર તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રથમમાળે આવેલા જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે ચાલુ વર્ષે ટીબીના જિલ્લાભરમાંથી ૧૪૦૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.ગત્ વર્ષ કરતા આ વર્ષે ટીબીના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.સામાન્ય રીતે ટીબીએ શરદી ખાંસીથી ફેલાતો રોગ હોવાથી તેને નિયંત્રણ કરવા માટે તંત્ર દ્રાર પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના માણસા,કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકાના થઈ ગત્ વર્ષે ટી.બી.ના ૧૮૫૨ દર્દી નોંધાયા હતા.જયારે ચાલુ વર્ષના સપ્ટેમ્બર અંત સુધીમાં સિવિલમાં ૧૪૦૦ દર્દીઓ નોંધાયા છે. ટીબી એક ચેપી પ્રકારનો રોગ છે જે માઈક્રો બેકટેરીયમ ટયુબર કયુલોસીસ નામના બેકટેરીયાથી થાય છે. દેશભરમાં ટીબીને કંટ્રોલ કરવા માટે નાગરીકોએ લોકજાગૃતિ કેળવવી જોઈએ.



સરકાર દ્વારા ગુજરાતમાં ટીબીના દર્દીઓ માટે વિનામુલ્યે ડોટસની સારવાર રાજયમાં નજીકના ક્ષય કેન્દ્ર પર આપવામાં આવે છે. આરોગ્ય વિભાગ આપણું ગુજરાત ટીબી મુકત ગુજરાત બનાવવા માટે લોકજાગૃતિના કાર્યક્રમો પણ કરે છે.માનવીના શરીરમાં લગભગ ૮૦ ટકા જેટલ દર્દીઓને ફેફસામાં બેકટેરીયાનો ચેપ લાગવાને કારણે ટીબી થાય છે. પરંતુ ટીબી શરીરના અન્ય અવયવો મગજ,હાડકા, પ્રજનનતંત્રના અવયવો હૃદયઅને ચામડીમાં પણ થઈ શકે છે. સારવાર ન મેળવનાર ટીબીનો એક દર્દી ૧૦થી૧૫ લોકોને ચેપ લગાડે છે. ટીબીની વહેલી તકે યોગ્ય સારવારથી દર્દી પહેલા જેવો સાજો થઈ જાય છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ગત્ વર્ષે ૧૮૫૨ દર્દી ટીબીના નોંધાયા હતા. જયારે ચાલું માસે સપ્ટેમ્બર સુધીમાં ૧૪૦૦ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ટીબીના દર્દીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

## ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સનો વિદ્યાર્થી ક્રિકેટમાં ઝળકયો

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયની સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાતના અન્ડર ૧૯ ક્રિકેટ ટીમ દ્વારા નેશનલ કક્ષાએ ગાંધીનગરના ક્રિશ્ના સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થી જુજરાજસિંહ જાડેજાની પસંદગી કરવામાં આવી હતી. નેશનલ કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ તાજેતરમાં ઈન્દોર મધ્યપ્રદેશ ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાનું નેતૃત્વ કરી જુજરાજસિંહે ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો.



## શિશુવિહાર બાળ પુસ્તકાલય દ્વારા નગરપાલિકાના બાળકો માટે ૧.૮ લાખના પુસ્તકોની સહાય

ગાંધીનગર, તા. ૪

વાંચન દ્વારા બાળકોનું વિકાસ થાય તેવા ઉમદા હેતુથી શિશુવિહાર બાળ પુસ્તકાલય દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬માં નગરપાલિકાના પુસ્તકાલયોમાં ૨૭૦૦ પુસ્તકોની સહાય પુરી પાડવામાં આવી છે.

શિશુવિહાર બાળ પુસ્તકાલયના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે આ અંગે જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૯માં બાળ પુસ્તકાલયના પ્રારંભીક તબક્કે તમામ પ્રાથમિક શાળાઓને ૩૬૮ પુસ્તકો પુરા પાડવામાં આવ્યા હતા અને ત્યારબાદ પણ પ્રતિ વર્ષ ૧૦૦ પુસ્તકોની સહાય પુરી પાડવામાં આવી છે. વાંચે ગુજરાતના અભિયાન દરમિયાન પણ બાળકો પુસ્તકોનું વિશેષ ઉપયોગ કરે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સંસ્થા દ્વારા બાળ પુસ્તકાલય આધારિત ચિત્રાલેખન તેમજ વાર્તાકથન જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આગામી શૈક્ષણિક સત્ર દરમિયાન પણ પ્રાથમિક શાળાના બાળ પુસ્તકાલયને સંસ્થા દ્વારા ૫૦ પુસ્તકોનો સેટ આપવામાં આવશે. શિશુ વિહાર બાળ પુસ્તકાલય દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬માં ૧.૮ લાખની કિંમતના ૨૭૦૦ પુસ્તકોની સહાય કરવામાં આવશે.

## સે-૨૩ ખાતે આનંદનો ગરબો યોજાશે

સેકટર-૨૩ સ્થિત અંબે માતાજીના મંદિરના વરદાયીની ચોક ખાતે આગામી તા. ૧૨ ડિસેમ્બરના રોજ સવારે ૬.૧૫ થી સાંજે ૬.૧૨ કલાક દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માઈ ભકત ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદના ગરબાની પ્રસતુતી કરાશે.

# પ્રદેશ કોંગ્રેસના આગેવાનોની બેઠકમાં જિલ્લા - તાલુકા પ્રમુખોની નિમણુંકની ચર્ચા

ગાંધીનગર, તા.૪

પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષના સ્થાને જિલ્લા પ્રભારી અને જિલ્લા પ્રમુખોની મળેલી બેઠકમાં જિલ્લા તાલુકા પંચાયતોમાં સત્તા મેળવ્યા બાદ પ્રમુખોની નિમણુંકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

રાજયની ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતોની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસને ભવ્ય વિજય મળવા પામ્યો હતો. ૩૧માંથી ૨૪ જિલ્લા પંચાયતોમાં અને ૧૨૮ જેટલી તાલુકા પંચાયતોમાં સત્તા કોંગ્રેસે મેળવી છે.

જિલ્લા અને તાલુકા પંચાયતોમાં સત્તા મેળવ્યા બાદ પ્રજાને સારું શાસન આપવા તેમજ જિલ્લા તાલુકા પંચાયતોમાં પ્રમુખોની નિમણુંકોની ચર્ચા વિચારણા કરવા અને માર્ગદર્શન આપવા માટે પ્રદેશ આગેવાનોની એક બેઠક મળી હતી.

આજે પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં જિલ્લા પ્રભારી અને જિલ્લા પ્રમુખોની મળેલી બેઠકમાં જિલ્લા અને તાલુકા પંચાયતોમાં પ્રમુખોની નિમણુંક અંગે પ્રદેશ કક્ષાએથી જે નામો પસંદ કરવામાં આવે તેને સર્વ સમંતિથી પસંદ કરવા તેમજ પક્ષનો મેન્ડેટનો અમલ કરવા અને કોઈ સભ્યો બળવો ન કરે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજની આ બેઠકમાં જિલ્લા તાલુકા પંચાયતોમાં પ્રમુખોની નિમણુંકો માટે જિલ્લા પ્રભારી અને જિલ્લા પ્રમુખો સાથે પરામર્શ કરીને પ્રમુખોના નામો અંગે ચર્ચા કરીને સંભવિત નામો પર પસંદગી ઉતારવામાં આવી છે અને આગામી એક બે દિવસમાં પ્રમુખોના નામો નક્કી કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.


## મતદારયાદીની સુધારણા-૨૦૧૬

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૬ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**

**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**

**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છે તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

**તા. ૫-૧૨-૨૦૧૫ થી તા. ૨૦-૧૨-૨૦૧૫ સુધી મતદારયાદીનો મુસદ્દો**

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ફોટા વગરની મતદારયાદી આપ વેબસાઈટ www.ceo.gujarat.gov.in ઉપર પણ જોઈ શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૬ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**તા. ૬-૧૨-૨૦૧૫ અને તા. ૧૩-૧૨-૨૦૨૧૫, રવિવારના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે.**

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએ epic<space> આપનો મતદાન ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૮૫૧૧૧૯૯૮૯૯ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંથી વિગતો જાણી શખાશે. અને તે જ પ્રમાણે blo<space> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર કામકાજના સમયે સંપર્ક કરો**

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**અરજી કરવાની તારીખ : ૫-૧૨-૨૦૧૫ થી ૨૦-૧૨-૨૦૧૫ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૧૮૮૫/૨૦૧૫-૧૬ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય


# રાજકીય તીનપત્તીમાં મતદારો પાસે જ હૂકમનો એક્કો, ભાજપ-કોંગ્રેસ માથે હજુ લટકતી તલવાર

ગાંધીનગર, તા. ૪

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોથી શાણા મતદારોએ બંને રાજકીય પક્ષોને બોધપાઠ આપ્યો છે. ચૂંટણીના પરિણામોમાં શહેરના મતદારો અને ગ્રામ્ય વિસ્તારના મતદારોએ વિરોધાભાસી મત આપ્યો હોય તેવું ચિત્ર ઉપસ્યુ છે. પાટીદારો, ઓબીસી કે અન્ય કોઈપણ પરિબળો આ પરિણામો ઉપર અસર કર્યા છે તેમાં છેવટે તો મતદારો જ હૂકમના એક્કા ગણાયા છે. જોકે આગામી વિધાનસભાની ચૂંટણી વચ્ચે બે વર્ષનો સમયગાળો છે તે દરમ્યાન બંને પક્ષોની કામગીરી ચકાસવા જ આ પ્રકારે વ્યુહરચના મતદારોએ અપનાવી હોય તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે. અને તેથી જ આગામી બે વર્ષ માટે ભાજપ-કોંગ્રેસ માટે મતદારોએ વિધાનસભા ચૂંટણીરૂપી તલવાર લટકાવી દીધી છે. જેમાં પ્રજાલક્ષી કામગીરી સંદર્ભે પક્ષોએ કસોટી પાર કરી મતદારોને કામગીરીનું સાચુ પ્રદર્શન કરી બતાવવુ પડશે એ જ છેલ્લો માર્ગ બનશે.

**વિધાનસભા ચૂંટણી પહેલાં બંને પક્ષોની કામગીરીના લેખા જોખાં ચકાસવાની મતદારોને બે વર્ષ સુધી તક મળી**

મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પરિણામો એ રાજયમાં ભાજપ-કોંગ્રેસને વિમાસણમાં મુકી દીધા છે. બંને પક્ષોને ખુશ થવા જેવું પરિણામ પ્રાપ્ત થયું નથી. જોકે કોંગ્રેસને વકરો એટલો નફો જેવા પરિણામથી સંતોષ જરૂર થયો છે. પરંતુ મતદારોએ પણ આ તબક્કે તેમની અગ્ની પરીક્ષા કરવાનો ચાન્સ મેળવી લીધો છે. લાંબા સમયથી પ્રજાકીય કામગીરી પ્રત્યે સ્થાનિક સત્તાધીશોની ઉદાસીનતાએ તેમને મતદારોએ ઝઝોળીને જગાડ્યા છે. પાટીદાર આંદોલન, ભ્રષ્ટાચાર ફીકસ વેતન અને ખેડૂતલક્ષી પ્રશ્નો જેવા પરિબળોને કારણભૂત માનીને આ પરિણામોનું વિશ્લેષણ થઈ રહ્યુ છે છતાં પણ મતદારોએ બાવનપાનાની તીનપત્તી રમતના ત્રણ મુખ્ય ખેલાડી જેમાં ભાજપ, કોંગ્રેસ અને મતદારો ગણી હૂકમનો એક્કો મતદારો બની ગયા છે અને બાજી તેમની તરફેણમાં કરી લીધી છે.

ખરા અર્થમાં વિચારીએ તો શહેરી મતદારોએ ભાજપ તરફી વલણ અપનાવીને વિકાસના અને બાકી રહેલા કામો પુર્ણ કરવા વિધાનસભા પહેલા તક આપી ભાજપને પરિણામો થકી ચેતવી દીધા છે. જયારે ગ્રામ્ય વિસ્તારોએ કોંગ્રેસને વિજયી બનાવી ગ્રામ્ય વિસ્તારોની જરૂરિયાત પુર્ણ કરવા સ્પષ્ટ જણાવી દીધુ છે. અન્યથા વિધાનસભા ચૂંટણીએ મતદારોનો પૈગામ બની રહેશે. આમ કારણો ગમે તે હોય પરંતુ મતદારોએ પરિણામો થકી લક્ષ વિધાનસભા તરફ રાખ્યુ છે. જેથી ભાજપ-કોંગ્રેસ બંને પક્ષો ઉપર મતદારોએ તલવાર લટકાવી દીધી છે. પ્રજાના નાણાંએ પ્રજાના કામો પ્રત્યે શાસકપક્ષો જો સુચારૂ વહીવટ કરી ન શકતા હોય તો મતદારો હવે જાગૃત બની ગયા છે જેથી રાજકીય પક્ષોએ હવે કામગીરી કરવી જ પડશે જેનો આ પરિણામો થકી સંદેશો પહોંચતો કર્યો છે.